ચોપાઇ- અલબેલોજી અંતરજામી, જે કોઇ સર્વે તણા કાવે સ્વામી।
તેણે જાણી છે જનની તાણ, ચાલ્યા ગઢડેથી શ્યામ સુજાણ ॥૧॥
આપે અશ્વે થયા અસવાર, સંગે સખા હજારો હજાર ।
તેપણ તોરંગે થયા તૈયાર, શોભે અશ્વ અતિશે અપાર ॥૨॥
મેલા મજીઠા નીલા નવરંગ, રાતા માતા ને તાતા તોરંગ ।
હરડા હાંસલા રોઝા રૂપાળા, આકળા ઉતાવળા બાવળા ॥૩॥
વળી ઘોડી ઘણી જાતવંતિ, એકએકથી ઓપે છે અતિ ।
હણીં માણકવર્ણી વિજળી, કપિકયાડિ કેશર વાંગળી ॥૪॥
લખી લક્ષમી લાડકી લાલ, બેરી બોદલી ચાંદરી ઉતાલ ।
મલી માછલી રેડી રૂપાળી, પાંખાળી સોઝવાળી શિંગાળી ॥૫॥
તિખિ તાજણ્યું જવાદ્યું જાણો, ફુલમાળ પટુઇ પ્રમાણો ।
છબિલી ને છોગાળી એ આદિ, ઘણી ઘોડી રૂડી રાયજાદિ ॥૬॥
કર્યાં કાઠીએ સજજ કેકાણ, માંડિયાં શંખલાદિ પલાણ ।
ચડ્યા માણકીએ મહારાજ, તેણે માંડ્યા છે સોનેરી સાજ ॥૭॥
ચાલી ઘોડાતણી ઘણી ઘટ, શ્યામ સંગે છે સખા સુભટ ।
આવે વાટમાંહિ ગામ ઘણાં, કરે દર્શન જન હરિતણાં ॥૮॥
કોઇ કહે રહો ઇયાં રાજ, કોઇ કહે જમી ચાલો મહારાજ ।
કોઇ કહે રહો ઘડીવાર, અમે ચાલવા છીએ તૈયાર ॥૯॥
એમ આવી આડાં જન ફરે, તેને અલબેલો ઉત્તર કરે ।
કહે કેડ્યેથી આવજો તમે, છીએ આજ ઉતાવળા અમે ॥૧૦॥
એમ કહી ધ્રોડવી ઘોડી, માણકવર્ણી જે માણકી રૂડી ।
જાણ્યું છુટ્યો કમાનથી તિર, ખર્યો તારો અંબરે અચિર ॥૧૧॥
જાણ્યું પાંખે ઉડ્યો પન્નગારિ, વેગ તોપ ગોળા થકી ભારી ।

સખા સહુ રહ્યા સામું જોઈ, સંગે પહોંચી શક્યા નહિ કોઈ ॥૧૨॥
પછી કેડચેથી કીધો છે ધ્રોડ, જોરે હાંકે ઘોડાં જોડાજોડ ।
ફરકે છોગાં માથે મોટી પાગે, કરે અમર પંખા એવું લાગે ॥૧૩॥
અતિ પરસેવે પલળ્યાં અંગ, ઘણે શ્વાસે ભરાણા તોરંગ ।
ત્યારે પોત્યા છે પ્રભુજી પાસ, આંબાતળે દિઠા અવિનાશ ॥૧૪॥
એક કરે ગ્રહિ કેશવાળી, બીજે કરે ગ્રહિ આંબા ડાળી ।
સામું જોઈને હરિ હસિયા, કહે કેડચે કેમ રહી ગીયા ॥૧૫॥
ત્યારે બોલ્યા સખા કરજોડી, નાથ અમે થાક્યા ધ્રોડીધ્રોડી ।
પણ કોઈથી પહોંચાણું નહિ, તેહ સારુ કેડચે ગયા રહી ॥૧૬॥
આવું ધોડશો જો તમે નાથ, તો અમે પહોંચી શકીએ ન સાથ ।
એમ કહીને જોડીયા પાણ, પછી સંગે ચાલિયા સુજાણ ॥૧૭॥
મેલી ભદ્રા આવી ભોગવતી, ત્યાંથી ઉતર્યા સાબરમતી ।
સંગે હતા સંન્યાસી ને સંત, બ્રહ્મચારી ને ભક્ત અનંત ॥૧૮॥
ત્યાંથી ચાલ્યા છે લાડીલો લાલ, આવ્યા વાલ્યમજી વરતાલ ।
તેનું સતસંગીને થયું જાણ, આવ્યા સામૈયે સર્વે સુજાણ ॥૧૯॥
તાલ મૃદંગ ત્રાંસા ને ભેરી, સુંદર સ્વરે શરણાઈ ઘેરી ।
રણશિંગા ને ઢોલ દદામાં, ગાતાં વાતાં આવ્યાં સહુ સામાં ॥૨૦॥
બાળ જોબન ને વૃધ્ધ વળી, આવી લાગ્યાં પાય સહુ લળી ।
પછી મુનિને પડીયા પાય, વળતાં મળ્યા પરસ્પર માંય ॥૨૧॥
ભાઈ મળ્યા સરવે ભાઈયોને, બાઈયો મળી સર્વે બાઈયોને ।
પછી ગાતા વાતા આવ્યા ગામ, તૈયે બોલિયા સુંદર શ્યામ ॥૨૨॥
ગામમાંતો છે ભિડચ ઘણેરી, સંઘ મનુષ્યે સઘન થઈ શેરી ।
ચાલો પુરથી પૂરવ દિશે, એમ જનને કહ્યું જગદીશે ॥૨૩॥
તરુ તળાવ તટે સઘન, શોભે વિવિધ ભાત્યનાં વન ।
અતિમોટાં ને ઘાટી છે છાંય, મુનિ ઉતરીયા સર્વે ત્યાંય ॥૨૪॥
એક અતિ મોટો ત્યાં આંબલો, ઘણો ઘાટો છાંયો જેનો ભલો ।
તિયાં ઉતરીયા અવિનાશ, સર્વે બેઠા આવી દાસ પાસ ॥૨૫॥

પછી બોલિયા પ્રાણઆધાર, તમે સાંભળો સહુ નરનાર ।
આજ તો છે દશમીનો દન, તમે કરો ભોજન સહુ જન ॥૨૬॥
એમ અલબેલે આગન્યા દિધી, સર્વે દાસે તે સાંભળી લિધી ।
એક ભક્ત બ્રાહ્મણ ગંગાબાઈ, જેને ભાવ ઘણો પ્રભુમાંઈ ॥૨૭॥
રૂડી કરતાં આવડે રસોઈ, કીધાં જમણ મરજી જોઈ ।
પૂર્યો ભોજન વ્યંજને થાળ, લાવ્યા બેઠા હતા જ્યાં દયાળ ॥૨૮॥
પછી જીવન જમવા કાજ, ઉઠ્યા મુખે હસિને મહારાજ ।
કર્યા ભાવ કરીને ભોજન, પછી દીધું જને આચમન ॥૨૯॥
દિધી પ્રસાદી નિજ દાસને, પછી અલબેલો આવ્યા આસને ।
બળે બહોળી મેતાબું મશાલ, બેઠા મુનિના મધ્યમાં લાલ ॥૩૦॥
કરતા પ્રશ્ન ઉત્તરની વાત, એમ વહિ ગઈ અર્ધ રાત ।
પછી પુરમાં પધાર્યા નાથ, સખા પોતાના લઈને સાથ ॥૩૧॥
તિયાં જઈ પોઢ્યા પ્રાણપતિ, થોડું સોઈ જાગ્યા જનવતિ ।
તર્ત ઘોડે થયા અસવાર, સર્વે સંઘની લીધી છે સાર ॥૩૨॥
પછી આવ્યા આંબલે મહારાજ, દાસને દેવા દર્શન કાજ ।
બાલ જોબન વૃધ્ધ વનિતા, આવ્યાં હરિ પાસે હરખતાં ॥૩૩॥
લાવ્યાં વસ્ત્ર વિવિધ ભાત્યનાં, આભૂષણ જુજવી જાત્યનાં ।
ચંદન પુષ્પ તુલસી ને ધૂપ, દીપ સમીપ નૈવેદ્ય અનુપ ॥૩૪॥
એહ આદિ અનેક સામગરી, લાવ્યાં સહુ સહુના થાળ ભરી ।
જીયાં બેઠાતા જગજીવન, તિયાં આવ્યા સહુ હરિજન ॥૩૫॥
મુનિ સહિત મહારાજને નિર્ખ્યા, નિર્ખિ જન મનમાંહિ હર્ખ્યા ।
પછી પૂજા કરી નરનારે, પૂજ્યા પ્રભુ ષોડશ ઉપચારે ॥૩૬॥
પુરુષે પૂજા તે મુનિની કિધી, દંડવત પ્રદક્ષિણા દિધી ।
પછી બેઠા સામા જોડી હાથ, નયણે નિર્ખે છે નટવર નાથ ॥૩૭॥
પછી બોલિયા પ્રાણજીવન, તમે સાંભળજયો સહુજન ।
તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ ॥૩૮॥
અતિઅપાર અક્ષરાતીત, થઈ તમારે તેસાથે પ્રીત ।

ભકત જકતમાંહિ છે જો ઘણા, ઉપાસક અવતાર તણા ॥૩૯॥
જેજે મૂરતિ જનને ભાવે, તે મૂરતિ નિજધામ પહોંચાવે ।
પણ સર્વે પાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રાણપતિ ॥૪૦॥
એવાં સુણી વાલાનાં વચન, જન કહે પ્રભુ ધન્ય ધન્ય ।
સહુ અંતરે આનંદ પામ્યા, ગયો શોક સંશય સહુ વામ્યા ॥૪૧॥
એમ બહુ દિન સુખ દીધાં, ઘણું જનને મગન કીધાં ।
પછી બોલિયા પ્રાણજીવન, જાઓ સહુ સહુને ભવન ॥૪૨॥
રહેજ્યો નિર્ભય સહુ નરનારી, રાખજ્યો વ્રતમાન વિચારી ।
કાર્તિક શુદી એકાદશી દને, કર્યો ઉત્સવ જગજીવને ॥૪૩॥
એવી લીળા કરી વરતાલે, વાલો પધાર્યા દેશ પંચાલે ।
સહુજનને થાવા આનંદ, ગાય પ્રેમેશું નિષ્કુળાનંદ ॥૪૪॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે પ્રબોધનીનો ઉત્સવ કર્યો એ નામે ઓગણાએંશીમું પ્રકરણમ્ ॥૭૯॥